For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

શહેરના નાગરિકો અને નિષ્ણાંતો દ્વારા બે વર્ષથી રજૂ થતાં અભ્યાસ અને ચેતવણી છતાં

SMC બોધપાઠ નહીં લે તો ખાડીપૂર આવશે જ

તંત્રની અસંવેદના દૂર કરવા ત્રીજો રિપોર્ટ જળભરાવ પ્રભાવિત વિસ્તારો અને ખાડીપુરના અસરગ્રસ્તોને આપવામાં આવશે

PUCL સત્તત ત્રીજા વર્ષે સાયન્ટિફિક રિપોર્ટ રજૂ કરશે

તપાસ સમિતિઓ વરસાદી દેડકાની જેમ ચોમાસા પછી અદ્રશ્ય કેમ થઈ જાય છે?

સુરતઃ ચોમાસાની ઋતુમાં છેલ્લા કેટલાક વર્ષોથી સુરતમાં જળ-જમાવ અને ખાડીપુરની કાયમી બનેલી સમસ્યા અંગે સુરત શહેરના નાગરિકો અને નિષ્ણાંતો દ્વારા બે વર્ષથી રજૂ થતાં અભ્યાસ અને ચેતવણી છતાં SMC કે સરકારે કોઈ બોધપાઠ લીધો ખરો? એ ઉજાગર કરવા પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ સાથે સંકળાયેલા આર્કિટેક્ટ,વકીલો,પર્યાવરણ વિદ અને સમાજ શાસ્ત્રીઓ 2024 ના રિપોર્ટ 'કોના વાંકે, કોના પાપે, કોના ભોગે' અને 2025 ના રિપોર્ટ INVITED DISASTER - KHADI FLOODS IN SURAT પછી હવે ત્રીજો સંકલિત રિપોર્ટ સ્થળ સ્થિતિના અભ્યાસ પછી રજૂ કરશે. તંત્રની અસંવેદના દૂર કરવા ત્રીજો રિપોર્ટ જળભરાવ પ્રભાવિત વિસ્તારો અને ખાડીપુરના અસરગ્રસ્તોને આપવામાં આવશે.અને સંભવતઃ તેઓને જ રિપોર્ટ સ્થાનિક તંત્રને સુપ્રત કરવા જણાવવામાં આવશે.

ત્રણે અગ્રણીઓએ ત્રીજા રિપોર્ટ પૂર્વે કેટલાક આકરા પ્રશ્નો પણ તંત્રને પૂછ્યા છે.તેઓના જણાવ્યા મુજબ

સુરત શહેરના નાગરિકો અને નિષ્ણાંતો દ્વારા બે વર્ષથી રજૂ થતાં અભ્યાસ અને ચેતવણી છતાં SMCએ કોઈ બોધપાઠ લીધો ખરો? વરસાદી પાણીને ઢાળની ખબર છે, પણ લાખોનો પગાર લેતા SMC એન્જિનિયર શહેરના ઢાળ અને COUTOUR વિષે અજાણ કેમ છે ? SMC, SUDA કે આપત્તિવ્યવસ્થાપન

...અનુસંધાન પાના ૭ પર

સુરતના નાગરિક સંગઠન દ્વારા ખાડીપુર રોકવા સૂચનો

- ખાડી સહિતના કોઈ પણ પ્રકારના જળાશયો માં જમીનના ઢાળમાં કોઈ અન પ્રકારનો ફેરફાર થાય તે રીતે પુરાણો કરવાની છૂટ હોવી જોઈએ નહીં .
- " ફ્લડ પ્લેન " અને " વેટલેન્ડ "ની જાળવણી અકબંધ રીતે થવી જોઇએ , અને જ્યાં જ્યાં પણ આવા વિસ્તારોમાં કોઈ પણ પ્રકારનું પુરાણ/ બાંધકામ થયું હોય તો તેવા પુરાણો અને બંધકામોને તોડીને દૂર કરવા જોઇએ
- ખાડી અને તેના કાંસની જમીનોમાં માં કોઈ પણ પ્રકારના અવરોધો ઊભા કરવા જોઈએ નહીં , અને જો કોઈ અવરોધો ઊભા તો તેને તાત્કાલિક ધોરણે દૂર કરવા જોઈએ .
- ખાડીઓના વહેણને યથાવત રાખવા , કોઈ પણ કારણોસર તેને બદલવા નહીં .
- " સુરત મહાનગર પાલિકા " અને " સુડા " વિસ્તારમાં આવેલા તમમાં જળાશયોનું સંરક્ષણ કરો .
- શહેરના ટાઉન પ્લાનિંગ વિભાગમાં શહેરના વિકાસ સંબંધિત નીતિઓ નક્કી કરવા માટે પર્યાવરણવિદ અને લેન્ડસ્કેપ આર્કિટેક્ટોનો અભિપ્રાય લીધા બાદ જ નિર્ણયો લેવા .
- જ્યાં જ્યાં ખાડીઓનું પુરાણ થયું છે ત્યાં ત્યાં તે પુરાણો દૂર કરો
- ચોમાસા પૂર્વે અગાઉના વર્ષોમાં થયેલા પાણીના ભરાવા પરથી શીખીને હવે પછી શહેરી વિસ્તારોમાં પાણીનો ભરાવો નહિ થાય તે માટે ડિઝાસ્ટર મેનેજમેંટ વિભાગે નક્કર પ્લાનિંગ કરવું જોઈએ અને પ્લાનિંગ બાદ કડક પગલાં લેવા જોઈએ .
- ડિઝાસ્ટર મેનેજમેન્ટના મેન્યુચલ માં વર્તમાન પરિસ્થિતી અનુસાર સુધારો કરવો જોઈએ .
- વરસાદી પાણી વહી જાય તે માટે ચેનલો બનાવીને તેનું જોડાણ નદી , ખાડી , તળાવો સહિતના જળાશયો સાથે કરવું જોઈએ .
- પબ્લિક પાર્ક સહિતની જાહેર જગ્યાઓ

...અનુસંધાન પાના ૭ પર

વોટર લોગીંગ સમસ્યા અને કારણો

- ટાઉન પ્લાનિંગ સ્કીમ બનાવતા સમયે ખાડી, વરસાદી કાંસ, તળાવ, વગેરેની જમીનોમાં કાયદેસરની પેશકદમી બંધ થાય.
- દરિયો ,નદી, તળાવો, ખાડી , વેટલેન્ડ વાળા વિસ્તારો માટે કોસ્ટલ રેગ્યુલેશન ઝોનના તમામ નિયમોનું ચુસ્તતા પૂર્વક પાલન કરવું.
- સુરત શહેરમાં આવેલા નદીના વિસ્તારો, તળાવો, ખાડીઓના વહેણ અને વરસાદી પાણીના કુદરતી નિસ્તાર માટેના ઢાળમાં ઊભા થતાં અવરોધો વિશે તલસ્પર્શી અભ્યાસ હાથ ધરવામાં આવે.
- આવા અભ્યાસ માટેની સમિતિમાં શહેરી નાગરિકોને પ્રતિનિધિ તરીકે લેવામાં આવે.
- હાલમાં જાણમાં હોય તેવા નદીના વિસ્તારો, તળાવો, ખાડીઓના વહેણ અને વરસાદી પાણીના નિકાલ

...અનુસંધાન પાના ૭ પર

પાણી ઓસર્યા પછી લિંબાયતમાં ગંદકીની ખૌફનાક તસવીર

- ત્રણ ત્રણ દિવસ સુધી ખાડીપૂરમાં રહ્યાં બાદ પાણી ઓસરતા લિંબાયતમાં ગંદકીની ભયાવહ તસવીર સામે આવી હતી. આ ગંદકી જોતા જ તેમાં ત્રણ ત્રણ દિવસ પસાર કરનારા લોકોની હાલત કેટલી દયનીય હશે તે સમજી શકાય છે. **(તસવીર : સતીષ જાદવ)**

મહાકાય મૂર્તિ બનવા લાગી ત્યારે પોલીસ કમિશનરનું જાહેરનામું

માટીની ૯ અને POPની ૫ ફૂટથી વધુ ઊંચી મૂર્તિઓ પર પ્રતિબંધ

હવે જોવાનું એ રહે છે કે આ જાહેરનામાની અસર થશે કે દર વર્ષની જેમ મોટી પ્રતિમાઓ સ્થપાશે

સુરતઃ ગણેશોત્સવ દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પર્યાવરણ અને જળચર જીવોનું સંરક્ષણ થાય તે હેતુથી સુરત પોલીસ કમિશનરે તા. 10 જુલાઈથી 7 સપ્ટેમ્બર, 2026 સુધી અમલમાં રહે તેવું જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામા મુજબ માટીની મૂર્તિની ૯ ફૂટ ઊંચાઈ અને પીઓપીની ૫ ફૂટની ઉપરની મૂર્તિઓની સ્થાપના પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

જાહેરનામા મુજબ માટીની ગણેશ મૂર્તિ બેઠક સહિત વધુમાં વધુ 9 ફૂટ ઊંચાઈ સુધી જ બનાવી કે વેચી શકાશે. જ્યારે પી.ઓ.પી. (POP) અને ફાઇબરની મૂર્તિઓ બેઠક સહિત 5 ફૂટથી વધુ ઊંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા કે જાહેર માર્ગ પર પરિવહન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તમામ મૂર્તિઓનું વિસર્જન માત્ર મહાનગરપાલિકા દ્વારા બનાવાયેલા કૃત્રિમ તળાવ અથવા દરિયામાં જ કરવાનું રહેશે. નદી કે અન્ય કુદરતી જળાશયોમાં વિસર્જન કરવાની મંજૂરી રહેશે નહીં.

મૂર્તિ નિર્માણમાં પાણીમાં ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ઉપરાંત, બીજા ધર્મની લાગણી દુભાય તેવા કોઈ ચિહ્નો કે નિશાનીઓ મૂર્તિમાં સામેલ ન કરવા મૂર્તિકારોને સૂચના આપવામાં આવી છે.ગણેશજીના આગમન, સ્થાપના અને વિસર્જન દરમિયાન જાહેર માર્ગો પર ડી.જે. વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. વિસર્જન શોભાયાત્રામાં ઊંટગાડી, બળદગાડું, હાથી તેમજ ચાર વ્હીલરથી મોટા ટ્રેલરનો ઉપયોગ પણ કરી શકાશે નહીં. ઉત્સવ દરમિયાન બિભત્સ ફિલ્મી ગીતો, ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત-સંગીત, ભાષણો કે સૂત્રોચ્ચારો કરવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. વિસર્જન યાત્રા દરમિયાન રાહદારીઓ, વાહનો અથવા મકાનોમાં રહેલા લોકો પર રંગ,

...અનુસંધાન પાના ૭ પર

વરસાદી પાણી ઉતરતા વધુ બે મૃતદેહ મળી આવ્યા

ડુમસમાં છ તારીખે વીજળી પડતા યુવાનને બ્રેઇનડેડ જાહેર કરાયો

સુરતઃ સુરતમાં પડેલા ભારે વરસાદ અને ખાડીપૂરને કારમે ત્રણેક દિવસમાં ફક્ત પાણીમાં ડૂબી જવાથી અંદાજે 33 થી વધુ લોકોના મોત થયા હતા. ગુમ થયેલ લોકોના એક પછી એક મૃતદેહ મળી આવ્યા હતા. આ દરમિયાન વરસાદી પાણીમાં ડૂબી ગયેલા વધુ બે વ્યક્તિના ગુરુવારે સાંજે મૃતદેહ મળી આવ્યા હતા.

આ ઉપરાંત 6 તારીખે પાલનપુર પાટિયા પાસે આવેલ દિનદયાળ સોસાયટીમાં રહેતા 26 વર્ષીય તરુણ રાજુભાઇ મારૂ ડુમસ ફોટોગ્રાફી કરી રહ્યાં હતા ત્યારે તેમના પર વીજળી પડી હતી. તેને આજે બ્રેઇનેડેડ જાહેર કરી તેના અંગોનું દાન કરવામાં આવ્યું હતું

મળેલી વિગત મુજબ, ભેસ્તાન એસએમસી આવાસમાં રહેતા 37 વર્ષીય ઇમરાન શેરખાન પઠાણ રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેને ત્રણ સંતાનો છે. મંગળવારની સાંજે તે કામ માટે સચિનના ઈકલેરા ખાતે ગયો હતો. બાદમાં તે મોડી રાત સુધી ઘરે નહીં આવતા તેના પરિવારજનોએ શોધખોળ કરતા તે મળી આવ્યો ન હતો. દરમિયાન ગુરુવારે સાંજે ભેસ્તાન ખાતે જન્નત બંગલા પાસે અન્નુખાડી પાસે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે તે વરસાદી પાણીમાં ડૂબી જતા મોતને ભેટયો હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં, મુળ મહારાષ્ટ્રના વતની 72 વર્ષીય શાંતારામભાઈ જયરામભાઈ પાટીલ હાલમાં સચિન-ખરવાસા રોડ પર આવેલ બોણંદગામમાં રહેતા હતા. તે મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મંગળવારે તે

...અનુસંધાન પાના ૭ પર

કોઈની પણ શરમમાં આવ્યા વિના જે કોઈ દબાણો હોય તે હટાવવા માટે આદેશ

ખાડીના દબાણો હટાવવા સિંચાઈ-ટીપીની સોમવારથી મેગા ઝુંબેશ

ડે.સીએમ હર્ષ સંઘવી, ઓએસડી શાલિની અગ્રવાલ, મ્યુનિ.કમિ., શાસકોએ આખી રાત ફરીને કામગીરીનું મોનિટરિંગ કર્યું

સુરતઃ સુરતમાં સર્જાયેલી ખાડીપૂરની ગંભીર પરિસ્થિતિને પગલે શાસક પક્ષ અને વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોની હાલતને જોતાં ઉચ્ચ અધિકારીઓ સાથે સતત બેઠકો યોજીને દર કલાકની અપડેટ માહિતી અને સ્થિતિનો તાગ મેળવવામાં આવી રહ્યો છે. ઓએસડી શાલિની અગ્રવાલ, મનપા કમિ. સહિતના કેટલાક ઉચ્ચ અધિકારીઓ, મેયર, સ્થાયી અધ્યક્ષની ટીમ આઇસીસીસી ખાતે આખી રાત તૈનાત રહી કામગીરી કરી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી

...અનુસંધાન પાના ૭ પર

ખાડીના 20 વર્ષ પહેલાના અને હાલની સ્થિતિનું અવલોકન કરાશે

ખાડીની 15 થી 20 વર્ષ પહેલાની શું સ્થિતિ હતી? ત્યારે ખાડી પર દબાણો હતા કે કેમ? કેટલા હતા? તે જોવાશે અને આજની તારીખમાં ખાડીની શું પરિસ્થિતિ છે? કેટલા દબાણો થયા છે? તે સરખાવવા

...અનુસંધાન પાના ૭ પર

એલએન્ડટીના કર્મચારીઓની બસ ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ

15થી 17 કર્મચારીઓને ઈજા, એક યુવતી ગંભીર; **બસમાં** ફસાયેલા કર્મચારીએ બારીનો કાચ તોડી બહાર નીકળવાનો પ્રયાસ કર્યો

સુરતઃશહેરના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા હજીરા રોડ પર ઓએનજીસી કંપની નજીક શુક્રવારે વહેલી સવારે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. એલએન્ડટી કંપનીના કર્મચારીઓને લઈ જતી ખાનગી બસ રોડની સાઈડમાં ઊભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાતા બસના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સ્થાનિક લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા.

અકસ્માતમાં બસમાં સવાર અંદાજે 15થી 17 કર્મચારીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં એક યુવતીને ગંભીર ઈજા થતાં તેને

...અનુસંધાન પાના ૭ પર

'મત માંગવા નહીં આવતા, મત અમારી પાસે જ રહેશે'

ધારાસભ્ય મનુ પટેલને મહિલાઓએ ચારે તરફથી ઘેરી લીધા

ફોટો એટેચ સુરતઃ ચાર-ચાર દિવસ સુધી પૂરના ગંદા પાણીમાં રહેવા મજબૂર બનેલા લોકો હવે માત્ર પોકળ આશ્વાસનોથી સંતોષ માનવા બિલકુલ તૈયાર નથી. લિંબાયત ઝોનના ડુંભાલ વિસ્તારમાં પાલિકાના અધિકારીઓ અને સ્થાનિક કોર્પોરેટરોનો ઘેરાવ થયા બાદ, હવે પાંડેસરા વિસ્તારમાં ભાજપના ધારાસભ્ય મનુ પટેલને પણ પૂરગ્રસ્તોના ઉગ્ર વિરોધ અને તીખા સવાલોનો સામનો કરવો પડ્યો છે.

ગુરુવારે સવારે ડુંભાલ-ગીતાનગર વિસ્તારમાં ટ્રેક્ટર લઈને પૂરગ્રસ્તોની મુલાકાતે પહોંચેલા અધિકારીઓ અને કોર્પોરેટરો સામે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેવો જ માહોલ આજે પાંડેસરામાં જોવા

મળ્યો હતો. પૂર પ્રભાવિત વિસ્તારની સ્થિતિ જાણવા અને કેશડોલ તેમજ સરકારી રાહત અંગે સમજાવવા પહોંચેલા ભાજપના ધારાસભ્ય મનુ પટેલને સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓએ ચારેય તરફથી ઘેરી લીધા હતા. મહિલાઓએ વર્ષોથી ચાલતી બિસ્માર રસ્તા, ઉભરાતી ડ્રેનેજ અને સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની કાયમી સમસ્યાઓ આગળ

...અનુસંધાન પાના ૭ પર

॥ હૃદયસ્થ શ્રધ્ધાંજલિ ॥

રડી પડે છે આંખો અમારી, જોઈ તસ્વીર તમારી
દિલ હજુ માનવા તૈયાર નથી કે તમે અમારા વચ્ચે નથી,
તમારી અણધારી વિદાય સૌનું કાળજુ કંપાવી ગઈ,
જેમનું નામ સતત ગુંજ્યા કરે અને કુલ બની આસપાસ
મહેક્યા કરે, પરમ કૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. દેવ
મનસુખભાઈ પટેલ
જન્મ તા. ૨૫/૦૪/૨૦૦૬
સ્વ. તા. ૦૮/૦૭/૨૦૨૬
બુધવાર

લિ. બાલુભાઈ કેશવભાઈ પટેલ
સ્વ. ચંદુભાઈ કેશવભાઈ પટેલ
ગં.સ્વ. સુમનબેન ચંદુભાઈ પટેલ
સ્વ. મનસુખભાઈ ચંદુભાઈ પટેલ
ગં.સ્વ. ભાવનાબેન મનસુખભાઈ પટેલ
સ્વ. કંચનભાઈ કેશવભાઈ પટેલ ગં.સ્વ. સુમનબેન કંચનભાઈ પટેલ
વિનુભાઈ ચંદુભાઈ પટેલ ઈલાબેન વિનુભાઈ પટેલ
પ્રવિણભાઈ ઈશ્વરભાઈ પટેલ તરૂણાબેન પ્રવિણભાઈ પટેલ
પરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ રાનુબેન પરેશભાઈ પટેલ
ધર્મેશભાઈ બાલુભાઈ પટેલ મનીષાબેન ધર્મેશભાઈ પટેલ
રજનીકાંત બાલુભાઈ પટેલ બિંદીયાબેન રજનીકાંત પટેલ
યોગેશભાઈ બાલુભાઈ પટેલ અમિતાબેન યોગેશભાઈ પટેલ
વિવેકભાઈ બાલુભાઈ પટેલ મોનિકાબેન વિવેકભાઈ પટેલ
કૌતિકભાઈ રતિલાલ પટેલ વિજેતાબેન કૌતિકભાઈ પટેલ
જનકભાઈ મહેશભાઈ પટેલ રશ્મિબેન જનકભાઈ પટેલ
અક્ષય અશોકભાઈ પટેલ
સાગર અશોકભાઈ પટેલ
સંકેત મંગુભાઈ પટેલ
ઉમંગ, ડિસન, ચેલ્સી, દર્શિલ, કિશ, દૈવિક, રિયા, વિધા, અદિતી, ધ્યાન, રિદ્ધી
સમર્થ, હાર્વી, જીયા, અયાન, વીર, જલ, ફેનિલ, દર્શન તથા સમસ્ત પટેલ પરિવાર
પટેલ ફળિયું, ભીમરાડ, સુરત.

પચ્ચીસમી પૂણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

સ્વ. વિદ્યાબેન બાલુભાઈ મૈસુરીયા
જ.તા. ૨૮/૦૬/૧૯૨૭ સ્વ.તા.૧૧/૦૭/૨૦૦૧

વ્હાલી બા,
તારી વસમી વિદાયને ૨૫ વર્ષ થયા તું સૂક્ષ્મ રૂપે સદાય અમારી સાથે છે. તારી સ્મૃતિ સદાય અમારા હૃદયમાં અકબંધ રહેશે. તારા પ્યાર અને સમર્પણ માટે અમો સદાય ઋણી રહીશું જન્મોજન્મ તું જ અમારી જનની થાઓ એવી પ્રભુને પ્રાર્થના પ્રભુ તારા દિવ્ય આત્માને અનંત શાંતિ અને સદ્‌ગતિ આપે એ જ પ્રાર્થના

લિ. તારી પુત્રીઓ
નયના બાલુભાઈ મૈસુરીયા
જયોત્સના બાલુભાઈ મૈસુરીયા
શોભના બાલુભાઈ રંગુનવાલા

પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. અભિષેક શૈલેષકુમાર દીવાસળીવાલા
જન્મ. તા. ૦૩-૧૨-૧૯૯૫ સ્વ. તા. ૧૧-૦૭-૨૦૨૧
તિથિ- અષાઢ સુદ પડવો

રડી પડે છે. આંખો અમારી જોઈ તસ્વીર તારી, નાની ઉંમર તારી અણધારી વિદાય
અમો સર્વેના કાળજા કંપાવી ગઈ, મન હજુ માનતુ નથી કે તું અમારી વચ્ચે નથી,
માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ સમસ્ત પરિવારની પ્રાર્થના.

લિ. શોકાતુર
સ્વ. ચંદુલાલ રતિલાલ દીવાસળીવાલા
રિયા અભિષેક બાટલીવાલા
શૈલેષ ચંદુલાલ દીવાસળીવાલા
અરૂણ ચંદુલાલ દીવાસળીવાલા
ધર્મેશ ચંદુલાલ દીવાસળીવાલા
ડેનિસ અરૂણકુમાર દીવાસળીવાલા
જશ ધર્મેશકુમાર દીવાસળીવાલા
ગં.સ્વ. કાન્તાબેન ચંદુલાલ દીવાસળીવાલા
દિશા નિલકંઠકુમાર ભાણાભગવાનવાલા
જયશ્રીબેન (જયોતિ) શૈલેષ દીવાસળીવાલા
ચેતનાબેન અરૂણ દીવાસળીવાલા
ગીતાબેન ધર્મેશ દીવાસળીવાલા
ભકિત ડેનિસ દીવાસળીવાલા
યાર્વી ડેનિસકુમાર દીવાસળીવાલા
તથા સમસ્ત દીવાસળીવાલા પરિવાર

શ્રદ્ધાંજલી

ચહેરો તારો હસતો હંમેશા યાદ આવશે,
તારી સાથે ગાળેલી દરેક પળ રડાવશે,
તારા જેવો યાર હવે ક્યાંથી લાવશું?
તારી ખોટ જિંદગીભર આ દિલને સાલશે.
ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ, મારા દોસ્ત!
પરમ કૃપાળુ પરમાત્મા મારા દોસ્તની
આત્માને ચીર શાંતિ આપે એજ પ્રાર્થના

સ્વ. દેવ
મનસુખભાઈ પટેલ
સ્વ.તા.૦૮-૦૭-૨૦૨૬

લિ.
ધ્યાન આર. પટેલ
વત્સલ કે. પટેલ
હેમિલ કે. પટેલ
રુદ્ર બી. પટેલ
ધ્રુવ એન. પટેલ
ડીસન વી. પટેલ
હેમ્સ એસ. પટેલ
આયુ ડી. પટેલ
ઋષિકેશ જે. પટેલ
યુગ પી. પટેલ
વેલીસ જે. પટેલ
પાર્થ જે. પટેલ
ધ્રુવ એ. પટેલ
પટેલ ફળિયું , ભીમરાડ

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જીવનમાં કુટુંબના દરેક ડગલે-પગલે દુનિયામાં સમાજના
દરેક શુભ-અશુભ પ્રસંગે જેઓ પરિવારના સદાય પથદર્શક બન્યા
તેમણે આપેલ સરળ જીવન, ઉચ્ચ વિચાર, ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યો,
પ્રામાણિક વ્યવહાર અને નિષ્કપટ વાણીના વારસાને
અમો સદાય આત્મસાત્ કરીએ છીએ.
આપના સ્મૃતિ દિવસે આપના ચિંધેલા માર્ગે
ચાલવાના પ્રયત્નો કરીએ છીએ.

લિ. શોકાતુર
શાંતુભાઈ નાગરભાઈ આહિર
વિવેક શાંતુભાઈ આહિર
તથા સમસ્ત આહિર પરિવાર

સ્વ. નાગરભાઈ ઘનાભાઈ આહિર
સ્વ.તા. ૧૧-૦૭-૨૦૨૫
અષાઢ વદ ૦૧ ને શુક્રવાર
નિવાસસ્થાન : નવી કોલોની, ગામ કોસાડ, સીટી સુરત.

દશમી પૂણ્યતિથિએ હાર્દિક ...શ્રધ્ધાંજલિ...

સુખથી કદી છલકાયા નહીં,
દુઃખ થી કદી ડગ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં,
જીવન માં હરપળ હસતા રહ્યા,
જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી
પરિવારને સમૃધ્ધ બનાવી ગયા,
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના...

સ્વ. હંસાબેન
બળવંતરામ રૂપાવાલા
સ્વ. તા. ૧૧.૦૭.૨૦૧૬

લિ
સમસ્ત રૂપાવાલા પરિવાર

સત્ કેવલ સાહેબ

છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

ભલે તમે સદેહ નથી અમારી સાથે, આપનો પ્રેમ
અને આશીર્વાદ વરસતો રહેશે સદા.
સ્નેહ ભર્યા સંભરણો સાચવીશુ જીવનભર.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. યોગેશભાઈ
નાનુભાઈ ઉમરીગર
સ્વ.તા. ૧૧-૭-૨૦૨૦

લિ. વૈશાલીબેન યોગેશભાઈ ઉમરીગર (પત્ની)
હરીશભાઈ નાનુભાઈ ઉમરીગર (ભાઈ) | જયોતિબેન હરિશભાઈ ઉમરીગર (ભાભી)
શૈલેષભાઈ નાનુભાઈ ઉમરીગર (ભાઈ) | નયનાબેન શૈલેષભાઈ ઉમરીગર (ભાભી)
સિધ્ધાર્થ યોગેશભાઈ ઉમરીગર (પુત્ર) | કેનીબેન સિધ્ધાર્થભાઈ ઉમરીગર (પુત્રવધુ)
કિશન યોગેશભાઈ ઉમરીગર (પુત્ર) | દિવકલબેન કિશનભાઈ ઉમરીગર (પુત્રવધૂ)
નેહા યોગેશભાઈ ઉમરીગર (પુત્રી) | હર્ષનાબેન મનહરભાઈ ઉમરીગર (બેન)
અંકિતભાઈ જયંતિભાઈ ઉમરીગર (જમાઈ) | હસુમતીબેન મહેન્દ્રભાઈ ઉમરીગર (બેન)
તથા સમસ્ત જીવાભાઈ પરિવાર (પાંચ બંગલા, ઉમરા, સુરત.)